# આણંદ કૃષિ યુનિવર્સિટી
# વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમની પ્રવેશ અંગેની જાહેરાત

| | | |
|---|---|---|
| ૧ | અભ્યાસક્રમનું નામ તથા મુદ્દત | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમનો તા.૦૧.૧૦.૧૮ થી શરૂ થનાર ૧૦ અઠવાડિયાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૨ | નિયત અરજીપત્રક મંગાવવાનું, ભરીને મોકલવાનું સરનામું તથા તાલીમ વર્ગનું સ્થળ | મુખ્ય વૈજ્ઞાનિક અને વડાશ્રી, મરઘાં પાલન તાલીમ કેન્દ્ર, મરઘાં સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦ |
| ૩ | શૈક્ષણિક લાયકાત | ધોરણ–૦૮ (આઠ) પરીક્ષા પાસ |
| ૪ | ઉંમર | તા. ૨૦.૦૯.૧૮ના રોજ ૧૫ થી ૪૦ વર્ષ |
| ૫ | પ્રવેશક્ષમતા | ૨૫ (પચ્ચીસ) બેઠકો |
| ૬ | અનામત બેઠકો | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર |
| ૭ | અરજીપત્રક (સૂચિપત્ર) મેળવવા અંગેની વિગત | કોઈપણને રૂબરૂમાં મરઘાં સંશોધન કેન્દ્ર ખાતે **રૂ.૧૦૦** રોકડા ભરવાથી અથવા ઉપરોકત સરનામે **રૂ.૧૧૦** મનીઓર્ડર મોકલવાથી મળી શકશે. |
| ૮ | શિષ્યવૃત્તિની વિગત | માસિક રૂ.૨૦૦૦ શિષ્યવૃત્તિ આપવામાં આવશે. |
| ૯ | અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ અને વધુ માહિતી માટેનો ફોન નંબર/વેબસાઈટ | **તા. ૨૦.૦૯.૨૦૧૮** સાંજના ૦૫.૦૦ વાગ્યા સુધીમાં (૦૨૬૯૨) ૨૬૨૩૫૨ www.aau.in Mobile No. 94275 49050<br>ડૉ. અરૂણ પટેલ<br>વિસ્તરણ શિક્ષણ નિયામક |

મરઘાં પાલન તાલીમ માટેની જાહેરાત "સંદેશ" સમાચારપત્રની અમદાવાદ આવૃત્તિ તા.૦૧/૦૯/૨૦૧૮ ના પાન નંબર-૧૧ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**"વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ"વર્ગમાં અરજી કરવા માંગતા ઉમેદવારો માટે સૂચનાઓ**

(૧) અરજી કરવા માટે સૂચિપત્ર સાથેનું નિયત અરજીપત્રક રૂબરૂમાં રૂા૧૦૦/- રોકડેથી અથવા પોસ્ટ દ્વારા મંગાવનાર ઉમેદવારે રૂા૧૧૦/- નો મનીઓર્ડર **મુખ્ય વૈજ્ઞાનિક અને વડાશ્રી, મરઘાં સંશોધન કેન્દ્ર, આણંદકૃષિ યુનિવર્સિટી, આણંદના સરનામે** મોકલવાથી પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે

(૨) અરજીપત્રક સાથે ઉમેદવારે નીચે મુજબના બિડાણો પૈકી લાગુ પડતા દસ્તાવેજો સામેલકરવાના રહેશે.

(ક) ધોરણ- ૦૮ (આઠ) પાસ થી ધોરણ-૧૦ સુધીમાં છેલ્લી પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ. તેમજ ધોરણ-૧૦ પાસ/નાપાસ થયેલ હોય તો પરીક્ષા માટે કરેલ તમામ પ્રયત્નોની પ્રમાણિત નકલો.

(ખ) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / જન્મના માન્ય દાખલાની પ્રમાણિત નકલ

(ગ) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/ સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે રજૂકરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય તો તે બાબતનું નિયત સમયમર્યાદાવાળુ "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી (નોનક્રીમીલેયર)" તેવું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. જે સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતા સુધારાને આધિન રહેશે.

(ઘ) નોકરી કરતા કે અન્ય સંસ્થામાં શૈક્ષણિક તાલીમ લેતા ઉમેદવારના કિસ્સામાં જે તે સંસ્થાના વડાશ્રી/સક્ષમ અધિકારીશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર (નો ઓબજેકશન સર્ટિફિકેટ)".

(ચ) ઉમેદવારનો તાજેતરનો પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો

(૩) પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ શૈક્ષણિક લાયકાત (ધોરણ-૦૮ (આઠ) પાસ થી ધો.૧૦ (દસ) પાસ/નાપાસ) ની પરીક્ષા ગુજરાત રાજયમાં આવેલ શાળા અથવા બોર્ડમાંથી ગુજરાતી વિષય સાથે પાસ કરેલી હોવી જોઇએ.

(૪) તાલીમ કેન્દ્રને અધુરી વિગતવાળા અથવા નિયત તારીખ બાદ મળનાર અરજીપત્રક રદ બાતલ ગણાશે, જેની ઉમેદવાર ને જાણ કરવામાં આવશે નહી

(૫) અરજીપત્રક ભરીને પરત આપવાની છેલ્લી **તા. ૨૦-૦૯-૨૦૧૮** છે.

મુખ્ય વૈજ્ઞાનિક અને વડા
મરઘાં સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ